સરકારી પડતર જમીનનો નિકાલ :
" નર્મદા બાન " માંથી મુક્તિ મેળવવા
અંગે.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃજમન/૩૯૨૦૦૪/૧૧૪૯/અ,
સચિવાલય,ગાંધીનગર,
તા.૨૦/૧૨/૨૦૦૪.

**વંચાણે લીધો :-**

મહેસુલ વિભાગનો તા.૨૯/૫/૨૦૦૪ નો પરિપત્ર ક્રમાંકઃજમન/૩૯૨૦૦૩/૧૪૭૫/ભાગ-૧/અ.

**પરિપત્ર :-**

મહેસુલ વિભાગનાં ઉપર વંચાણે લીધા તા.૨૯/૫/૨૦૦૪ નાં પરિપત્રથી ફકત સરકારી વિભાગો/બોર્ડ-કોર્પોરેશન તરફથી માંગણી થયેલ જમીનનાં કિસ્સામાં બાનમુકિત આપવાની વિચારણા કરવાનું નકકી થયેલ છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગએ કર્વારીલીઝ ના હેતુ માટે ભાડાપટ્ટે આપવાની જમીનોની માંગણી નાં કિસ્સામાં ખનિજ ઉત્પાદન,આવક અને રોજગારી વધતાં હોઈ બાન મુકિત આપવાની વિચારણા કરવાં અભિપ્રાય આપ્યો છે.

આથી ઉપરની વિગતો લક્ષમાં લેતાં તે વિગતે રાજયનાં અમદાવાદ, ખેડા,વડોદરા,ભરૂચ, નર્મદા, પંચમહાલ,દાહોદ અને આણંદ જિલ્લાઓ સિવાયનાં જિલ્લાઓમાં નર્મદા બાન મુકિત આપવામા આવે તો વાંધા સરખુ નથી કર્વારીલીઝના હેતુસરની માંગણીઓના કિસ્સાઓ પુરતી ઉપર દર્શાવેલ જિલ્લાઓ સિવાયનાં કેસોમાં બાનમુકિત માટેની દરખાસ્તો રજુ કરવા સબંધિત કલેકટરશ્રીઓને આથી જાણ કરવામાં આવે છે.

ગુજરાતનાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મુકેશ મોદી)
ઉપસચિવ,
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર.